# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૨૮ તા.૬-૧-૧૫**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- વાલી સંમેલનનું આયોજન કરવા બાબત.**

**સંદર્ભ :- SSA/એમ.એન્ડ ડી/૨૦૧૪/૪૩૪૪૮-૪૦૮ તા.૧૧-૧૨-૧૪**

આથી મ્યુનિ. શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સમાજમાં જાગૃતિ તથા જનજાગૃતિના સંદર્ભમાં તા.૨૦-૧૧-૧૫, તા.૧૮-૨-૧૫,તા.૨૦-૩-૧૫ ના રોજ એમ ત્રણ વાલી સંમેલનનું આયોજન કરવાનું થાય છે. નાગરિકો, કેળવણીકારો અને શાળામાં ભણતા બાળકોના વાલીઓ જેટલા જાગૃત હશે, શાળામાં વિકાસમાં જેટલો રસ લેતા હશે તેટલી શાળા જીવંત તથા સમૃદ્ધ બનશે. ઉપરાંત તેઓ તમામ બાળકોને શાળામાં શિક્ષણ માટે નિયમતિ મોકલશે અને શિક્ષણની અનિવાર્યતા સમજશે પરિણામે શાળા દ્વારા સારા નાગરિકોનું ઘડતર થશે તો ઘરે બાળકોને સારા સંસ્કારોનું સિંચન પ્રાપ્ત થશે. તેની નીચે મુજબના એજન્ડાને લક્ષમા રાખી પરિપત્રમાં દર્શાવેલ તારીખોએ વાલી સંમેલન કરવાનું રહેશે.

**વાલી સંમેલનના એજન્ડા**

- ❖ શાળામાં WSDP પર વિચારણા અને ચિંતન.
- ❖ શાળા સ્વચ્છતા, સ્વચ્છ ટોયલેટ, સ્વચ્છ ખોરાક.
- ❖ બાળકોનાં પ્રવેશ, નિયમિતતા, શિક્ષણની ગુણવત્તા.
- ❖ ૬ થી ૧૪ વર્ષની વયજૂથનાં શાળા બહારના બાળકોના પ્રવેશ અને સ્પેશિયલ ટ્રેનીંગ પ્રોગ્રામના આયોજન બાબત.
- ❖ વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો CWSN ની માહિતી સાધન સામગ્રીની પ્રાપ્તિ તથા તેના ઉપયોગની જાણકારી.
- ❖ ટ્રાન્સપોર્ટ તથા એસ્કોર્ટની સગવડતાનું યોગ્ય આયોજન.
- ❖ ડ્રોપઆઉટ બાળકો માટે વિચારણા.
- ❖ કન્યા શિક્ષણ માટે ચિંતન.
- ❖ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, રમત-ગમતના કાર્યક્રમો બાબતે વિચારણા.
- ❖ વૃક્ષારોપણ, જળસંચય, ગ્રીન સ્કૂલ, સ્માર્ટ સ્કૂલ, કોમ્પ્યુટર લેબના યોગ્ય ઉપયોગ માટે વિચારણા.

→ સવારપાળીની શાળાઓએ ૧૧-૩૦ કલાકે બપોરપાળીની શાળાઓએ ૧૨-૩૦ કલાકે વાલી સંમેલન કરવાનું રહેશે.

→ જે વાલી સંમેલન થાય તેની વિગતવાર નોંધ રાખવી અને વિઝીટ બુકમાં સહીઓ લેવી.

→ વાલી સંમેલનમાં શાળામા ભણતા બાળકોના વાલીઓ એસ.એમ.સી. સભ્યશ્રીઓ, જે-તે વિસ્તારના વડીલ વ્યક્તિઓ, વોર્ડના રોલ મોડેલ સમાન વ્યકતિઓ, કેળવણીકારો, સ્કૂલ બોર્ડ સભ્યશ્રીઓ, કાઉન્સીલરશ્રીઓ વગેરેને બોલાવવાના રહેશે.

→ વાલી સંમેલનની સફળતા માટે અસરકારક આયોજન માટે સીઆરસી કો.ઓ.એ આયોજન તથા મોનીટરીંગ કરવાનું રહેશે.

→ વાલી સંમેલનમાં જે સૂચનો થયા હોય તેનું સત્વરે અમલીકરણ થાય તે ખાસ જોવાનું રહેશે.

→ એક વાલી સંમેલન માટે સરભરા ખર્ચ તરીકે રૂા.૧૦૦/- એમ ૩ વાલી સંમેલન માટે સરભરા ખર્ચ રૂા.૩૦૦/- એસ.એમ.સી.ના ખાતા જમા કરાવેલ છે, જેનો સમયસર ખર્ચ કરવાનો રહેશે.

તા.૬-૧-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
અમદાવાદ

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૨૯ તા.૬-૧-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે હિન્દી આપણી રાષ્ટ્રભાષા છે, બાળકો હિન્દી વિષયમાં રસ કેળવે રાષ્ટ્રભાષા હિન્દી સારી રીતે લખી-વાંચી શકે તે માટે હિન્દી માધ્યમ સિવાયના વિદ્યાર્થીઓ હિન્દી પરીક્ષાઓ આપે તે ઈચ્છનીય છે. ગુજરાત પ્રાંતીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, અમદાવાદ દ્વારા હિન્દી પરીક્ષા લેવાય છે તે પરીક્ષાઓ આપવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા અને તે અંગે નીચેની બાબતો ધ્યાનમાં લેશો.

- ❖ હિન્દીની પરીક્ષા ધો.૫ થી ૮ના વિદ્યાર્થીઓ આપી શકશે.
- ❖ ગુજરાત પ્રાંતીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ,અમદાવાદ દ્વારા ‘હિન્દી જ્ઞાન પ્રથમા’ અને ‘હિન્દી જ્ઞાન પ્રવેશિકા’ લેવાય છે.
- ❖ અગાઉના વર્ષે જે વિદ્યાર્થીઓને ‘હિન્દી જ્ઞાન પ્રથમા’ની પરીક્ષા આપેલ છે. તેઓ ચાલુ વર્ષે ‘હિન્દી જ્ઞાન પ્રવેશિકા’ની પરીક્ષા આપી શકશે.
- ❖ ધો.૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કે જેણે ‘હિન્દી જ્ઞાન પ્રથમા’ની પરીક્ષા આપેલ ન હોય તેવા વિદ્યાર્થીઓ સીધી ‘હિન્દી જ્ઞાન પ્રવેશિકા’ની પરીક્ષા આપી શકશે.
- ❖ ‘હિન્દી જ્ઞાન પ્રથમા’ની ફી રૂા.૫/- તેમજ ‘હિન્દી જ્ઞાન પ્રવેશિકા’ની ફી રૂા.૯/- વિદ્યાર્થીઓએ જાતે ભરવાની રહેશે.
- ❖ બન્ને પરીક્ષાના આવેદનપત્રના ૫૦ પૈસા અલગથી આપવાના છે જે વિદ્યાર્થીઓ ભરશે.
- ❖ ‘હિન્દી જ્ઞાન પ્રથમા’ અને ‘હિન્દી જ્ઞાન પ્રવેશિકા’ પરીક્ષા માટેના પુસ્તકો અગાઉ જે શાળામાં આપેલ નથી, તે શાળાઓમાં આપવાની અત્રેથી વ્યવસ્થા કરવામાં આવશે.
- ❖ આવેદનપત્ર ભરવાની તા.૮-૧-૧૫ થી ૩૧-૧-૧૫ છે.
- ❖ આપની શાળાને જોઈતા આવેદનપત્ર આપવાની તેમજ ભરેલા ફોર્મ અને ફી પરત લઈ જવાની કામગીરી ગુજરાત પ્રાન્તીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, અમદાવાદના પ્રતિનિધિ કરશે.
- ❖ સદર સમિતિ દ્વારા અમદાવાદ શહેરમાં પ્રથમા અને પ્રવેશિકા પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થયેલા પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને અનુક્રમે રૂા.૧૦૦૦/-, રૂા.૭૫૦/-, રૂા.૫૦૦/- ની કિંમતના પુરસ્કાર અપાશે. ઝોનવાર પ્રથમ આવનારને પણ રૂા.૫૦૦/-નું ઈનામ અપાશે. જે શાળામાંથી બન્ને પરીક્ષામાં સૌથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હશે તેવી શાળાને ‘હિન્દી જ્ઞાન પ્રથમા’ અને ‘હિન્દી જ્ઞાન પ્રવેશિકા’ માટે શિલ્ડ એનાયત કરવામાં આવશે.
- ❖ પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે.
- ❖ ‘હિન્દી જ્ઞાન પ્રથમા’ અને ‘હિન્દી જ્ઞાન પ્રવેશિકા’ની પરીક્ષા તા.૧-૩-૧૫ રવિવારનાં રોજ લેવાશે.
- ❖ ‘હિન્દી જ્ઞાન પ્રથમા’ની પરીક્ષાનો સમય સવારે ૯-૦૦ થી ૧૧-૦૦નો રહેશે.
- ❖ ‘હિન્દી જ્ઞાન પ્રવેશિકા’ પરીક્ષાનો સમય સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ નો રહેશે.
- ❖ શાળાના આચાર્યશ્રીએ પોતે પરીક્ષા સંચાલકની જવાબદારી નિભાવવાની રહેશે.
- ❖ ઉપરોક્ત પરીક્ષા રજાના દિવસે હોવાથી પરીક્ષામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ બેઠક વ્યવસ્થા તેમજ પરીક્ષાને લગતી તમામ આનુસાંગિક કાર્યવાહી આચાર્યશ્રીએ કરવાની રહેશે.
- ❖ પરીક્ષામાં જવાબો પ્રશ્નપત્રોમાં જ લખવાના રહેશે.
- ❖ ધો.૫ થી ૮ના ભાષા શિક્ષકોએ આ પરીક્ષા આપવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા તેમજ પરીક્ષાની તૈયારી કરાવવી.વિદ્યાર્થીઓ પરીક્ષામાં સારો દેખાવ કરી શકે તેવા પ્રયાસો કરવા અને વધુને વધુ બાળકો પરીક્ષામાં બેસે તેવા પ્રયત્નો કરવાના રહેશે.

તા.૬-૧-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ<br>
શાસનાધિકારી<br>
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ<br>
અમદાવાદ